RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ પોષ વદ -૬    ગુરૂવાર, તા.૦૮-૦૧-૨૦૨૬    અંક : ૦૯ વર્ષ : ૨૧    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# અમેરિકાની ભારત સહિતના દેશો પર ૫૦૦ ટકા ટેરિફની તૈયારી

## રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદતા ભારત,ચીન સહિતના બ્રિક્સ દેશોને નિયંત્રણમાં લાવવા અમેરિકાની મોટો ટેરિફ બોમ્બ ફોડવાની તૈયારી : દ્વિપક્ષીય બિલને અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પે મંજૂર કર્યું

વોશિંગ્ટન

રશિયા પાસેથી તેલ ખરીદીને લઈને ભારત અને ચીન પર અમેરિકાનો કડક વલણ વધુ તીવ્ર બની શકે છે. રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે દાવો કર્યો છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક દ્વિપક્ષીય બિલને મંજૂરી આપી છે જે રશિયા પાસેથી તેલ અને યુરેનિયમ ખરીદતા દેશોને દંડ કરશે.

સેનેટર ગ્રેહામે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની તેમની તાજેતરની મુલાકાત બાદ આ બિલને મંજૂરી આપવામાં આવી છે. તેમણે કહ્યું કે આ બિલ આવતા અઠવાડિયાની શરૂઆતમાં મતદાન માટે રજૂ કરી શકાય છે.

આ પ્રસ્તાવિત કાયદા હેઠળ,




અમેરિકા ભારત અને ચીન જેવા દેશો પર આયાત ટેરિફ ૫૦૦ ટકા સુધી વધારી શકે છે. ભારત અને ચીન હાલમાં રશિયા પાસેથી સબસિડીવાળા તેલના સૌથી મોટાઆયાતકારોમાંના એક છે. અમેરિકાનો આરોપ છે કે આ તેલ ખરીદી રશિયા-યુક્રેન યુદ્ધને ભંડોળ પૂરું પાડી રહી છે.

આ બિલ રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામ અને ડેમોક્રેટિક સેનેટર રિચાર્ડ બ્લુમેન્થલ દ્વારા પ્રાયોજિત છે. ગ્રેહામના મતે, આનાથી રાષ્ટ્રપતિ ટ્રમ્પને ભારત, ચીન અને બ્રાઝિલ જેવા દેશો પર રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા માટે ભારે દબાણ લાવવાની શક્તિ મળશે. ગ્રેહામે કહ્યું કે યુક્રેન શાંતિ માટે છૂટછાટો આપી રહ્યું છે, પરંતુ પુતિન ફક્ત બોલચાલ કરી રહ્યા છે. આ બિલ એવા દેશોને સજા કરવામાં મદદ કરશે જે સસ્તા રશિયન તેલ ખરીદીને પુતિનના યુદ્ધ મશીનને બળ આપી રહ્યા છે.

જોકે, સેનેટ અને ગૃહ નેતૃત્વએ અગાઉ આ બિલ પર મતદાન મુલતવી રાખ્યું છે. આનું કારણ એ હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે તેઓ માને છે કે ભારતમાંથી સીધા આયાત કરાયેલા માલ પર ટેરિફ લાદવાનું વધુ અસરકારક રહેશે. ભારત રશિયન તેલનો વિશ્વનો બીજો સૌથી મોટો ખરીદનાર દેશ છે, ત્યારબાદ ચીન આવે છે.

# ભારતના નેતૃત્વવાળા સોલાર એલાયન્સ સહિત ૬૬ ઈન્ટરનેશનલ સંગઠનો સાથે અમેરિકાએ છેડો ફાડ્યો

## અમેરિકા ફર્સ્ટ નીતિ અનુસાર ૩૫ બિન-સંયુક્ત રાષ્ટ્ર સંગઠનો અને ૩૧ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓ સાથે સંબંધ પૂર્ણ કરશે

વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટો નિર્ણય લેતા ભારત અને ફ્રાન્સની આગેવાની હેઠળના ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ સહિત ૬૬ આંતરરાષ્ટ્રીય સંગઠનોમાંથી અમેરિકાનું નામ પાછું ખેંચી લેવાની જાહેરાત કરી છે. આ જાહેરાતનો ઉલ્લેખ વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા પ્રેસિડેન્શિયલ મેમોરેન્ડમમાં કરવામાં આવ્યો છે, જેમાં ૩૫ બિન-સંયુક્ત રાષ્ટ્ર સંગઠનો અને ૩૧ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓમાંથી બહાર નીકળવાનો ઉલ્લેખ છે.

આ નિર્ણયની જાહેરાત કરતા, અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સોશિયલ મીડિયા પર લખ્યું, પ્રમુખ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા ૬૬ અમેરિકા-વિરોધી, નકામા અથવા ફિઝૂલખર્ચીવાળા આંતરરાષ્ટ્રીય સંગઠનોને છોડી રહ્યું છે. આ ઉપરાંત, અન્ય સંગઠનોની સમીક્ષા હજુ પણ ચાલુ છે."આ પગલું પ્રમુખ ટ્રમ્પ દ્વારા અમેરિકનોને આપેલા એક મહત્વપૂર્ણ વચનને પૂર્ણ કરે છે. "અમે એ વૈશ્વિક અમલદારોને સબસિડી આપવાનું બંધ કરીશું, જે અમારા હિતોની વિરુદ્ધ કામ કરે છે. ટ્રમ્પ પ્રશાસન હંમેશા અમેરિકા અને અમેરિકનોને સૌથી પહેલા રાખશે.

એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં જણાવવામાં આવ્યું છે કે પ્રમુખ ટ્રમ્પનો આ નિર્ણય વિદેશ મંત્રીના અહેવાલ પર વિચાર કર્યા બાદ અને પોતાની કેબિનેટ સાથે ચર્ચા કર્યા પછી આવ્યો છે. આ ચર્ચામાં તેમણે નક્કી કર્યું કે આ સંગઠનોમાં ભાગ લેવો અથવા તેમને સમર્થન આપવું અમેરિકાના હિતોની વિરુદ્ધ હતું. ઓર્ડરમાં તમામ એક્ઝિક્યુટિવ વિભાગો અને એજન્સીઓને મેમોરેન્ડમમાં ઉલ્લેખિત સંગઠનોમાંથી અમેરિકાને વહેલી તકે બહાર કાઢવા માટે તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

# ખેલ જગત ફરી કલંકિત : શૂટિંગ કોચનું સગીર ખેલાડી સાથે દુષ્કર્મ

## રાષ્ટ્રીયકક્ષાની ખેલાડીને કોચે હોટલમાં બોલાવી કારકિર્દી ખતમ કરવાની ધમકી આપી દુષ્કર્મ કર્યું

ફરીદાબાદ

એક સગીર રાષ્ટ્રીય સ્તરની શૂટિંગ ખેલાડીને મેચની ચર્ચા કરવાના બહાને હોટલમાં લલચાવીને લઈ જવામાં આવ્યા બાદ તેની પર બળાત્કારનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ભારતીય શૂટિંગ ટીમના કોચ પર બળાત્કારનો આરોપ મૂકવામાં આવ્યો છે. પીડિતાના જણાવ્યા અનુસાર આ ઘટના ૧૬ ડિસેમ્બરે સૂરજકુંડની તાજ હોટેલમાં બની હતી.

ફરીદાબાદમાં એક રાષ્ટ્રીય સ્તરના શૂટિંગ કોચ પર એક સગીર ખેલાડી પર બળાત્કાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ ઘટના ૧૬ ડિસેમ્બરે સૂરજકુંડની એક હોટલમાં બની હતી, જ્યાં આરોપી કોચે પીડિતાને મેચની ચર્ચા કરવાના બહાને બોલાવી હતી.

જ્યારે તેણીએ વિરોધ કર્યો, ત્યારે કોચે તેની કારકિર્દી બરબાદ કરવાની ધમકી આપી.આ કેસમાં ૬ જાન્યુઆરીએ મહિલા પોલીસ સ્ટેશન ફરીદાબાદમાં પોક્સો એક્ટની કલમ ૬ અને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૩૫૧(૨) હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી.

પીડિતાના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય શૂટિંગ કોચે તેને મેચની ચર્ચા કરવાના બહાને સૂરજકુંડની તાજ હોટેલના એક રૂમમાં લલચાવીને લઈ ગઈ હતી. ત્યાં, કોચે તેના પર બળાત્કાર ગુજાર્યો હોવાનો આરોપ છે.

# નેપાળમાં પર્યટકોને લઈને જઈ રહેલી બસ ખીણમાં પડતા ચાર લોકોના મોત

## કાઠમંડુ નજીક સર્જાયેલા અકસ્માતમાં ૨૨ મુસાફરોને થઈ નાનીમોટી ઈજા

કાઠમંડુ

નેપાળના કાઠમંડુ નજીક એક બસ લગભગ ૧૦૦ મીટર ખીણમાં પડી ગઈ, જેમાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત અને ૨૨ અન્ય ઘાયલ થયા. કાઠમંડુના જિલ્લા પોલીસ રેન્જના પોલીસ અધિકારી પવન કુમાર ભટ્ટરાયના જણાવ્યા અનુસાર, આ અકસ્માત સાંજે ૫ વાગ્યાની આસપાસ શંકરપુર મ્યુનિસિપાલિટી-૩ ના લાપ્સીફેડી જંગલમાં થયો હતો. તેમણે કહ્યું કે પિકનિકથી પરત ફરી રહેલા મુસાફરોને લઈ જતી બસ રસ્તા પરથી ખીણમાં પડી ગઈ. ઘાયલોને શંકરપુર હોસ્પિટલ, નેપાળ મેડિકલ કોલેજ, મુલપાની મ્યુનિસિપલ હોસ્પિટલ અને સુષ્મા કોઈરાલા મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલા વધુ એક વિધાર્થી નેતાની ગોળી મારી સરાજાહેર હત્યા

## હત્યા બાદ ઢાકામાં વિરોધ પ્રદર્શનો શરૂ થતા લશ્કરના જવાનોએ મોરચો સંભાળ્યો

ઢાકા

બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીઓ આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે દેશમાં અરાજકતાનો માહોલ જોવા મળી રહ્યો છે. મંગળવારે રાત્રે રાજધાની ઢાકાના વ્યસ્ત એવા કારવાં બજાર વિસ્તારમાં અજ્ઞાત હુમલાખોરોએ પૂર્વ વિદ્યાર્થી નેતા અઝીઝુર રહેમાન મુસબ્બીરની ગોળી મારી હત્યા કરી દીધી છે.

બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટીની સ્વયંસેવી વિંગ 'ઢાકા મેટ્રોપોલિટન નોર્થ સ્વેચ્છાસેવક દળ'ના પૂર્વ મહાસચિવ અઝીઝુર રહેમાન મુસબ્બીરની મંગળવારે રાત્રે હત્યા કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના રાત્રે આશરે ૮:૩૦ વાગ્યે ઢાકાના વ્યસ્ત કારવાં બજાર વિસ્તારમાં આવેલી સુપર સ્ટાર હોટલ પાસે બની હતી. હુમલાખોરોએ અત્યંત નજીકથી મુસબ્બીરના પેટમાં ગોળી મારી હતી, જેના કારણે ગંભીર ઈજાઓને લીધે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંધાધૂંધ ફાયરિંગમાં અન્ય એક વ્યક્તિ પણ ઘાયલ થયો હતો, જેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે અને હાલ તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.આ હત્યાકાંડ બાદ ઢાકામાં વિરોધ પ્રદર્શનની જ્વાળા ભભૂકી ઉઠી છે. ઉશ્કેરાયેલા લોકોએ કારવાં બજાર વિસ્તારમાં જામ કરી દીધો હતો, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. પરિસ્થિતિ વણસતી જોઈ રાત્રે ૧૦:૩૦ વાગ્યે બાંગ્લાદેશ આર્મીના જવાનોએ સ્થળ પર પહોંચી રસ્તો ખાલી કરાવ્યો હતો અને સ્થિતિ પર નિયંત્રણ મેળવ્યું હતું.

# અમદાવાદ નજીક આવેલી બે ખાનગી કંપનીઓમાં વિકરાળ આગ ભભૂકી

## આગના પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ : અમદાવાદ, સાણંદ અને બાવળા ફાયર વિભાગની ટીમો દ્વારા સંયુક્ત રીતે આગ બુઝાવવાની કામગીરી હાથ ધરવામાં આવી

અમદાવાદ

અમદાવાદ શહેર નજીક આવેલા મોરૈયા ગામે આજે વહેલી સવારે બે ખાનગી કંપનીઓમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ચકચાર મચી ગઈ છે. આગ એટલી વિકરાળ છે કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળી રહ્યા છે. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે.

મોરૈયા ગામે આવેલી 'પિનાગ્સ' અને 'શ્રી હરિ પેપર' નામની બે કંપનીઓમાં વહેલી સવારે અચાનક આગ લાગી હતી. પેપર અને અન્ય જ્વલનશીલ સામગ્રી હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ લાગતા જ કંપનીમાં કામ કરતા કર્મચારીઓ અને આસપાસના વિસ્તારમાં ભારે અફડાતફરી મચી ગઈ હતી.આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. હાલમાં આગ પર કાબૂ મેળવવા માટે અમદાવાદ, સાણંદ અને બાવળા ફાયર વિભાગની ટીમો સંયુક્ત રીતે ઓપરેશન ચલાવી રહી છે. ફાયર ફાઈટરની ૫ થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પાણીનો મારો ચલાવી રહી છે.

# તણાવભરી સ્થિતિ છતાં બાંગ્લાદેશે ભારત સાથે ડીઝલ ખરીદવા માટે મોટો સોદો કર્યો

નવી દિલ્હી

સીમા વિવાદ અને લઘુમતીઓ પરના હુમલા જેવા ગંભીર મુદ્દાઓને કારણે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રાજકીય સંબંધોમાં ખટાશ જોવા મળી રહી છે, પરંતુ જ્યારે વાત દેશની 'લાઈફલાઈન' એટલે કે ઊર્જાની આવે છે, ત્યારે બાંગ્લાદેશ આજે પણ ભારતને જ એક વિશ્વસનીય ભાગીદાર માને છે.

બાંગ્લાદેશ પેટ્રોલિયમ કોર્પોરેશનએ વર્ષ ૨૦૨૬ માટે ભારતની સરકારી તેલ કંપની નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડ પાસેથી ૧,૮૦,૦૦૦ મેટ્રિક ટન ડીઝલ આયાત કરવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. આ આખા સોદાનો અંદાજિત ખર્ચ ૧૪.૬૨ અબજ ટકા(અંદાજે ૧૧૯.૧૩ મિલિયન ડોલર) નક્કી કરવામાં આવ્યો છે. કિંમતના માળખાની વાત કરીએ તો, આ સોદો ૮૩.૨૨ ડોલર પ્રતિ બેરલની બેઝ પ્રાઈસ પર ૫.૫૦ ડોલરના પ્રીમિયમ સાથે નક્કી થયો છે, જોકે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં થતા ઉતાર-ચઢાવ મુજબ અંતિમ કિંમતમાં ફેરફાર થઈ શકે છે.

આ ઉર્જા સહયોગને સફળ બનાવવા માટે 'ભારત-બાંગ્લાદેશ મૈત્રી પાઈપલાઈન' એક મજબૂત સેતુ તરીકે કાર્ય કરી રહી છે. આસામ સ્થિત એન.આર.એલ.ની રિફાઈનરીમાંથી ડીઝલને પ્રથમ સિલીગુડી લાવવામાં આવશે અને ત્યાંથી આ પાઈપલાઈન દ્વારા સીધું બાંગ્લાદેશ પહોંચાડવામાં આવશે. વર્ષ ૨૦૨૨-૨૩માં શરૂ થયેલી આ પાઈપલાઈન ટેકનોલોજીને કારણે પરિવહન વ્યવસ્થામાં મોટો બદલાવ આવ્યો છે; અગાઉ રેલવે વેગન દ્વારા થતી આયાતની તુલનામાં હવે સમય અને પરિવહન ખર્ચ બંનેમાં નોંધપાત્ર બચત થઈ રહી છે, જે બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોને વધુ સુદ્રઢ બનાવે છે.

# અમદાવાદ વડોદરા એક્સપ્રેસ-વે આઠ માર્ગીય બનાવવા તૈયારી

ગાંધીનગર

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસવે પરથી રોજના હજારો વાહન ચાલકો પસાર થાય છે. વાહન ચાલકોની સંખ્યામાં દિન પ્રતિદિન થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર અમદાવાદ–વડોદરા એક્સપ્રેસવેને આઠ લેનનો બનાવવા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરશે. આ દરખાસ્ત નવી દિલ્હીમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીની અધ્યક્ષતામાં શરૂ થઈ રહેલી બે દિવસીય ટ્રાન્સપોર્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલની બેઠકમાં રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે. આ બેઠકમાં ગુજરાત સહિત તમામ રાજ્યોના પરિવહન પ્રધાન, મુખ્ય સચિવો અને આરટીઓ કમિશનરો ભાગ લઈ રહ્યા છે.

વર્ષ ૨૦૦૪માં ગોલ્ડન ક્વોડ્રિલેટરલ પ્રોજેક્ટ હેઠળ શરૂ થયેલ આ ૯૩ કિમી લાંબો એક્સપ્રેસવે અમદાવાદ, નડિયાદ, આણંદ અને વડોદરાને જોડતો એક મહત્વપૂર્ણ માર્ગ છે. છેલ્લા બે દાયકામાં ઝડપી શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને વસ્તીમાં વધારાને કારણે વાહનોની અવરજવરમાં ભારે ઉછાળો આવ્યો છે. હાલમાં આ માર્ગ પર દરરોજ અંદાજે ૫૧,૦૦૦ વાહનો પસાર થાય છે, જેના કારણે ટ્રાફિક જામ

**ગુજરાત સરકાર દ્વારા રોડ પરનું ટ્રાફિકભારણ ઘટાડવા અને અકસ્માતો નિવારવા રોડના વિસ્તરણ અંગે કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત મૂકાશે**



અને વારંવાર અકસ્માતો સર્જાય છે. વડોદરા પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડાણ થતાં આ રૂટ પર ટ્રાફિકનું દબાણ હજુ વધવાની શક્યતા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ માર્ગને પહોળો કરવાનું કામ ટેકનિકલ રીતે શક્ય છે. કારણ કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસે પહેલેથી જ પૂરતો રાઈટ ઓફ વે ઉપલબ્ધ છે. અહેવાલો મુજબ, એક્સપ્રેસવેની બંને બાજુ ૫૦ મીટર જમીન પહેલેથી જ છે, તેથી વધારાના જમીન સંપાદનની જરૂર નહિવત રહેશે. આ વિસ્તરણથી અમદાવાદ, વડોદરા અને મુંબઈ તરફની અવરજવર વધુ સરળ અને સુરક્ષિત બનશે.

ટીડીસી બેઠકમાં માર્ગ સુરક્ષા વ્યૂહરચના, હાઈવે અપગ્રેડેશન, ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન, વૈકલ્પિક ઈંધણનો ઉપયોગ અને સ્માર્ટ હાઈવે ડેવલપમેન્ટ જેવા રાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે. એક્સપ્રેસવેના વિસ્તરણ અંગેનો અંતિમ નિર્ણય ચર્ચા બાદ કેન્દ્ર સરકાર લેશે.



# જામનગરના સાગર કિનારે બોટમાં આરડીએક્સ સાથે પાંચ આતંકીઓને ઝડપી લીધા : મોકડ્રીલ





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : સમગ્ર ગુજરાત રાજ્યના સાગર કિનારાઓ ઉપર દેશ વિરોધી તેમજ આતંકી પ્રવૃત્તિઓને રોકવા માટે તેમજ ગુજરાતની તમામ અલગ અલગ સૂરક્ષા એજન્સીઓને સતર્કતા ચકાસવાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા બે દિવસ માટેની સાગર સુરક્ષા અંગેની કવાયત શરૂ કરવામાં આવી હતી, દરમિયાન બેડી નજીકના દરિયામાંથી પાંચ આતંકવાદીઓ સાથે અને આરડીએક્સ નો જથ્થો લઈને આવેલી એક બોટને ઝડપી લેવામાં આવી હતી, અને મોકડ્રિલ સફળ સાબિત થતાં તમામને મુક્ત કરી દેવાયા હતા.

હાલારના જામનગર અને દેવભૂમિ દ્વારકા બંને જિલ્લામાં મંગળવાર તા ૬.૧.૨૦૨૬ ના રોજથી બે દિવસ માટેની સાગર સુરક્ષા કવચ ના અભિયાન નો પ્રારંભ થયો હતો.

જામનગર ની અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની એસ ઓ જી શાખા, મરીન પોલીસ સ્ટેશનની ટીમ, કોસ્ટકાર્ડ સહિતની અન્ય તમામ સુરક્ષા એજન્સીઓ દ્વારા હાલારના તમામ સાગર કિનારાઓ વિસ્તારમાં બે દિવસ માટેની કવાયત શરૂ કરી દઈ સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન ગઈકાલે બપોર બાદ બેડી નજીકના દરિયામાં એક બોટ શંકાસ્પદ હાલમાં જણાઈ હતી, અને તમામ એજન્સીઓને જાણકારી મળી હતી, કે કેટલાક આતંકવાદીઓ સાથેની બોટ આવી રહી છે, જેના આધારે પેટ્રોલિંગ હાથ ધરી બેડી નજીકના દરિયામાંથી બોટને ઝડપી લીધી હતી.

જેમાં પાંચ વ્યક્તિઓ હતા અને તે લોકો પાસે આરડીએક્સ નો જથ્થો સંતાડ્યો હોય તેવા બોક્સ વગેરે મળી આવ્યા હતા. તમામ સુરક્ષા એજન્સીઓએ બોટને કબજે કરી લઈ તેમાં હાજર રહેલા પાંચ વ્યક્તિઓને રોકી લીધા હતા, અને તેઓ પાસે રહેલા બોક્ષ વગેરે ચકાસ્યા હતા. દરમિયાન આ મોકડ્રીલ હોવાનું જાહેર થયું હતું, અને ગઈકાલે સાંજે સમગ્ર કવાયત ને પૂર્ણ કરી લેવામાં આવી હતી. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ એજન્સીઓની સતર્કતા ચકાસવાના ભાગરૂપે સમગ્ર કવાયત કરવામાં આવી હતી, જેમાં મોકડ્રિલ સફળ રહી હતી.

## જામનગરમાં એક સી.એ.ને ત્યાં જીએસટીના દરોડાથી ભારે દોડધામ

જામનગર : જામનગર શહેરમાં રણજીતસાગર રોડ પર ગ્રીન સિટી વિસ્તારમાં આવેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બિપીન ભંડેરી ની ઓફિસે સુરતથી આવેલી જીએસટી વિભાગની ટીમ ત્રાટકી હતી, અને દસ્તાવેજો ફાઈલો સહિતનું સાહિત્ય ચકાસવાની કામગીરી હાથ ધરી હતી, જેને લઈને ખળભળાટ મચી ગયો છે.

બોગસ જીએસટી નંબરની આશંકાના પગલે આ સર્ચની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે, અને જામનગર શહેરમાં તપાસના અંતે જીએસટીનું વધુ એક મસમોટું કૌભાડ ખૂલવાની શકયતા પણ નકારી શકાતી નથી.

જામનગરમાં થોડા દિવસો પહેલાં જી.એસ.ટી. વિભાગના દરોડો બાદ એક પછી એક મસમોટા કૌભાડનો પર્દાફાશ થઈ રહ્યો છે. પરંતુ ચોંકાવનારી બાબત એ છે કે જામનગર શહેર એ જીએસટી બોગસ બીલીગનું જાણે એ.પી. સેન્ટર બન્યું હોય તેવું લાગી રહ્યું છે. અને શંકાસ્પદ બાબત એ છે કે, જીએસટીના સ્થાનિક અધિકારીઓને આ કૌભાડની ગંધ સુધા આવતી નથી. રાજ્યની બીજી જીએસટીની ટુકડી જામનગર આવીને સર્ચ ઓપરેશન કરી જાય છે, અને સ્થાનિક તંત્ર સંપૂર્ણપણે તેનાથી અજાણ રહે છે. ઉલ્લેખ છે કે જામનગરમાં ટાઉનહોલ નજીકના વિસ્તારમાં ઓફિસ ધરાવતા સી.એ. કમલેશ રાઠોડને ત્યાં અગાઉ જીએસટી વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે તેઓની રાજસ્થાનના અન્ય એક કેસમાં અટકાયત પણ થઈ હતી, અને અહીં જામનગરમાં પણ ચેકિંગ કરાયું હતું. ત્યારબાદ હિરજી મિસ્ત્રી રોડ ઉપર અલ્પેશ પેઢડિયા નામના અન્ય સી.એ.ને ત્યાં પણ ચેકિંગની કાર્યવાહી હાથ કરવામાં આવી હતી, અને કરોડોનું બોગસ બીલિંગનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું, ત્યાં એક માસ ના સમય ગાળામાં આ ત્રીજા સી.એ.ને ત્યાં ચેકિંગની કાર્યવાહી થઈ હોવાથી જામનગર શહેરમાં ભારે ખડભડાટ મચી ગયો છે.

## જામનગરના ખોડિયાર કોલોનીમાં ભરબજારે પાઈપ સાથે શખ્સે મચાવ્યો આતંક




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના ખોડિયાર કોલોનીમાં ધોળા દિવસે જાહેરમાં ડખ્ખો થયો હોવાનો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયો હતો. બપોરના સમય બાદ કોઈ કારણસર બબાલ થઈ હતી. જેને લઈને એક શખ્સ હાથમાં પાઈપ લઈને નીકળ્યો હતો. જે અન્ય વ્યક્તિઓ સાથે ઝપાઝપી કરતા સ્થળ પર ક્ષણિક લોકોના ટોળા એકઠા થયા હતા. બેફામ બનેલા યુવાને હાથમાં પાઈપ લઈને આતંક મચાવ્યો હતો. આ વીડિયો શહેરના ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલ બસ સ્ટોપ પાસેનો હોવાનું દ્રશ્યમાન થાય છે.

## ઠાકોરજીને અન્નકૂટ મનોરથ યોજાયો



દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ ઠાકોરજીના ભાવિક ભકત ગુરૂ શરણાનંદજી દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી ગઈકાલે સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે અન્નકૂટ મનોરથ યોજવામાં આવ્યો હતો. બુધવારના લીલા રંગના વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

## જામનગરમાં યુવાનના ઘર પર પથ્થર મારો કરનાર પાડોશી સામે પોલીસ રાવ

જામનગર : જામનગરમાં હવાઈ ચોક નજીક ભાનુશાળી વાડ વિસ્તારમાં રહેતા પુનિત રાજેશભાઈ કનખરા નામના ૩૪ વર્ષના ભાનુશાળી યુવાને પોતાના ઘર ઉપર ઈંટ વડે પથ્થરમારો કરી પોતાની માતા બીનાબેનને ઈજા પહોંચાડવા અંગે તેમજ વચ્ચે સમજાવવા પડેલા તેના કાકા વિમલભાઈને ઝાપટો મારી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે નજીકના વિસ્તારમાં જ રહેતા હિરેન નટવરભાઈ જોઈસર સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આરોપી હિરેન પુનિતભાઈના ઘર પાસેથી બાઈક લઈને પસાર થતો હતો, તે સમયે પુનિતભાઈના પિતા રાજેશભાઈ કનખરા બાળકને બાલકની માં રમાડી રહ્યા હતા, જે દરમિયાન બાઈક ચાલકને એમ થયું કે તેને ઠપકો આપી રહ્યા છે. જેનું મનમાં રાખીને આ હુમલો અને હંગામો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે.

## જામનગરમાં ચેક રિટર્ન કેસમાં આરોપીને બે વરસની સજાનો હુકમ

જામનગર : જામનગર સ્પેશિયલ નેગોશિએબલ કોર્ટે વડોદરાના આરોપીને બે વરસની કેદ અને ચેકની રકમનો દંડ કરતો ચૂકાદો જાહેર કરેલ છે.

આ અંગેની વિગતો એવી છે કે, ફરિયાદી વિધાબેન આસ્તિકભાઈ ભરાડે આરોપી પ્લાસ્ટ મેક એન્જીનિયરીગના માલિક હિનાબેન દિપકભાઈ શાહને સંબંધે દાવે રૂા. ૧૦ લાખની મદદ કરેલ જે પૈકી સાડા સાત લાખ આરોપીએ ચેકથી ચૂકવેલ અને બાકી રહેતી રકમ રૂા.૨,૫૦,૦૦૦/-નો ચેક આપેલો જે પરત ફરતા ફરિયાદીએ જામનગર સ્પેશિયલ નેગોશિએબલ કોર્ટમાં ફરિયાદ કરેલી.

વધુમાં, ચેક રિટર્નની નોટિસના જવાબમાં આરોપી હિનાબેન લેણુ કબૂલી હપ્તેથી રકમ ચૂકવવા જણાવેલું. પરંતુ કેસ ચાલતા દરમ્યાન લેણા સંબંધે ઈન્કાર કરી અત્રેની કોર્ટમાં ૧૩ વરસથી કાનૂની લડાઈ ચાલેલ.

બન્ને પક્ષોની દલીલો, પૂરાવા ધ્યાને લઈ ૫માં એડી. ચીફ જયુડીશિયલ મેજી. સ્પે. નેગોશિએબલ કોર્ટ જજ મનોજકુમાર લાલવાણીએ આરોપી હિનાબેનને તકસીરવાન ઠરાવી બે વરસની કેદ અને ચેકની રકમનો દંડ અને વળતર ફરિયાદીને આપવા આજરોજ હુકમ કરેલ હતો. આ કેસમાં બચાવ પક્ષે વકીલ અશ્વિન બી. મકવાણા રોકાયા હતા.

## જોડિયા તાલુકાના કેશિયા ગામે અડધા કરોડના સાધન-વાહન જપ્ત કરતું ખનીજ વિભાગ




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ભૂસ્તરશાસ્ત્રી કચેરીના સ્ટાફ દ્વારા છેલ્લા કેટલાક દિવસ થી ખનિજ ચોરી સામે સતત દરોડાની કાર્યવાહી ચાલી રહી છે, અને ખનિજ ચોરી સાથે સંકળાયેલા સાધનો-વાહનો કબજે કરવામાં આવી રહ્યા છે, ત્યારે વધુ અડધા કરોડની કિંમતના વાહન, સાધન કબજે લેવાયા હતાં.

જામનગરના ભૂસ્તર શાસ્ત્રીની સૂચના મુજબ તા. ૬-૧ના જોડિયા તાલુકાના કેશિયા ગામમાં બ્લેકટ્રેપ ખનિજનું ખનન ચાલતું હોવાની માહિતીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો અને એક મશીન કબજે લેવાયું હતું. ઉપરાંત એરફોર્સ ગેઈટ પાસેથી પસાર થતા જી.જે-૧૦-ટીએક્સ-૭૧૭૪ નંબરનું સાદી રેતી ભરેલ ડમ્પર (ગુરુકૃપા એન્ટરપ્રાઈઝ) કબજે લેવાયું હતું. આમ આશરે રૂ. ૫૦ લાખની કિંમતના મશીન-વાહન કબજે કરાયા હતાં.

આ કામગીરી તપાસ ટીમના ભાવેશભાઈ, નૈતિકભાઈ, રજનીકાંતભાઈ, નિખીલભાઈ, રમેશભાઈ અને આનંદભાઈ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

### વાઈબ્રન્ટ ગુજરાત રીજિઓનલ કોન્ફરન્સ અંતર્ગત

## દ્વારકા જિલ્લામાં ૭ હજાર કરોડથી વધુના પ્રસ્તાવિત રોકાણ સાથે ૨૩ એમ.ઓ.યુ.



દ્વારકા : રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક, લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગો પણ વિકાસમાં ભાગીદાર બને તે હેતુથી રાજયભરમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજિઓનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહયુ છે. જે અંતર્ગત તા.૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર અને કચ્છ માટે રીજિઓનલ કોનફરન્સ યોજાનાર છે. તે પહેલા જિલ્લાસ્તરીય કાર્યક્રમો અનુસંધાને દેવભૂમિ દ્વારકાના ખંભાળીયા ખાતે યોજેલ કાર્યક્રમમાં રૂા.૭૧૪૬ કરોડથી વધુના પ્રસ્તાવિત રોકાણ માટે વિવિધ ક્ષેત્રો ૨૩ જેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા અને સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેક યોજના કાર્યરત છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિશાળ દરિયાકાંઠો આવેલ હોય આ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસની વિપુલ તકો રહેલી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાસ કરીને પવન ઊર્જા અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે અગ્રસર બની રહયો છે. જિલ્લામાં કાર્યરત પવનચકકીઓ દ્વારા નોંધપાત્ર વિજ ઉત્પાદન થઈ રહયુ છે. વાઈબ્રન્ટ ગુજરાત રીજિયોનલ કોન્ફરન્સ અંતર્ગત યોજાયેલ જિલ્લાસ્તરીય કાર્યક્રમમાં માત્ર રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે જ ૭ હજાર કરોડથી વધુના એમ.ઓ.યુ. થયા હોય પર્યાવરણ સંરક્ષણ, ઊર્જા આત્મનિર્ભરતા અને ટકાઉ વિકાસ માટે સિમાચિન્હ સાબિત થશે.

## જામ્યુકોને પીએમ સ્વનિધિ યોજનામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્ય કક્ષાનો એવોર્ડ




જામનગર : ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા "શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫" ની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતે "સ્વનિધિ સમારોહ-૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં જામનગર મહાનગરપાલિકાને કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી "પીએમ સ્વનિધિ યોજના" ના અમલીકરણમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ રાજ્યની મેજર સીટીઝની કેટેગરીમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત થયો છે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યોજાયેલ આ ગૌરવવંતા કાર્યક્રમમાં રાજયના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં જામનગર મહાનગરપાલિકાને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જામનગર મહાનગરપાલિકા વતી આસિસ્ટન્ટ કમિશ્નર (વહીવટ) મુકેશ વરણવાએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત જામનગરના નાના અને ફેરિયા વ્યવસાયકારોને લોન સહાય પૂરી પાડવા અને તેમના આર્થિક ઉત્થાન માટે જામનગર મહાનગરપાલિકાએ સરાહનીય કામગીરી કરી છે, જેની નોંધ રાજ્ય સ્તરે લેવામાં આવી છે. આ સિદ્ધિ બદલ મ્યુનિસિપલ કમિશનર અને સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં આવતીકાલે ચતુર્થ ધનુર્માસ ઉત્સવની ઉજવણી



દ્વારકા : હાલમાં ચાલી રહેલા ધનુર્માસ અનુસંધાને બેટ દ્વારકામાં સમગ્ર માસ દરમ્યાન શ્રીજીના ઉત્સવ ક્રમમાં ફેરફાર સાથે ઊજવણી કરવામાં આવી રહી છે ત્યારે દ્વારકા યાત્રધામમાં આવેલ દ્વારકાધીશ મંદિરમાં વ્યાપક ભીડભાડને લીધે દર વર્ષની જેમ ધનુર્માસની ચાર તિથિઓમાં થતાં ધનુર્માસ ઉત્સવ અનુસંધાને આજ ગુરૂવારના રોજ જગતમંદિરમાં ચતુર્થ અને આ વર્ષના અંતિમ ધનુર્માસ ઉત્સવની ઊજવણી કરવામાં આવનાર છે. દ્વારકાધીશ મંદિરમાં શ્રીજીની મંગળા આરતી સવારે ૫:૩૦ કલાકે યોજાઈ હતી. ત્યારબાદ સવારના નિત્યક્રમ સવારે ૧૦:૩૦ સુધી ચાલુ રહ્યા હતા. ૧૦:૩૦ કલાકે અનોસર (મંદિર બંધ) રહ્યું હતું. જયારે શ્રીજીનો સાંજનો ક્રમ નિત્યક્રમાનુસાર યોજવામાં આવશે.

## જામનગરમાં ઔદ્યોગિક ટેકફેસ્ટ મેળો ખુલો મુકતા કૃષ્ણમણીજી મહારાજ






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગરના જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશન દ્વારા આયોજિત છઠ્ઠા 'ટેક ફેસ્ટ-૨૦૨૬' મેગા ઔદ્યોગિક મેળાનું ઉદ્ઘાટન ૫-નવતનપુરી ધામના આચાર્ય કૃષ્ણમણિજી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. રાજકોટ-ખંભાળિયા બાયપાસ પર જીઆઈડીસીમાં તા. ૭-૧-૨૦૨૬ થી તા. ૧૦-૧-૨૦૨૬ સુધી વિશાળ ફલક પર ઔદ્યોગિક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાત તેમજ અન્ય રાજ્યોના ઉદ્યોગ સાહસિકો દ્વારા ૨૬૫ સ્ટોલ્સમાં તેમની ટેકનોલોજીનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન જોવા મળશે. આજના ઉદ્ઘાટન સમારોહમાં પૂ. કૃષ્ણમણિજી મહારાજ ઉપરાંત પૂર્વ કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, મેયર વિનોદભાઈ ખેમસૂર્યા, શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, જિલ્લા રાજ્ય પ્રમુખ ડો. વિનુભાઈ ભંડેરી, જીઆઈડીસી શેડ એન્ડ પ્લોટ એસોસિએશન (દરેડ) ના હોદ્દેદારો, કારોબારી સભ્યો, અન્ય ઉદ્યોગકારો, આમંત્રિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# સચાણા ગામે જૂથ અથડામણના આરોપીઓના ઘરે વિજતંત્રનું ચેકીંગ

## ૧૪ માંથી ૧૨ શખ્સોના રહેણાંક મકાનમાં ચેકીંગ હાથ ધરાતા લંગરિયા નાખી ચોરી પકડાતા વીજ જોડાણો કટ કરાયા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના સચાણા ગામે ગત તા ૩૧/૧૨/૨૦૨૫ ના રોજ જુથ અથડામણ થઈ હતી. સામસામે બબાલમાં ઈજાગ્રસ્ત આધેડનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ પ્રકરણના આરોપીઓને ત્યાં ગઈકાલે સ્થાનિક પોલીસ દ્વારા વીજ તંત્રને સાથે રાખી રહેણાકે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ચેકીંગ દરમિયાન મોટા ભાગના આરોપીઓ લંગરીયા નાખી વીજ ચોરી કરતા હોવાનો પર્દાફાશ થયો હતો. આથી વીજ જોડાણ કાપવામા આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર નજીકના સચાણા ગામે થયેલ જુથ અથડામણના આરોપીઓના રહેણાકે પી.જી.વી.સી.એલની ટીમોને સાથે સ્થાનિક પોલીસે વીજ જોડાણ તપાસવાની કામગીરી કરી હતી. આરોપી ઉંમર દાઉદ બુચળ, જાફર ઉમર બુચળ, ઈમરાન ઉંમર બુચળ અને અફજલ ઉંમર બુચળ ચારેય આરોપી એક રહેણાંક મકાનમાં રહેતા હોય જ્યાંથી વીજ ચોરી ઝડપાઈ હતી. વધુમાં સુલતાન જાકુભાઈ બુચળને ત્યાંથી પણ વીજ ચોરી ઝડપાઈ હતી. આરોપી જાવેદ જુમાઅલી જામ, જુમા અલી જામ અને જાકીરહુશેન જુમાઅલી જામ જે એક મકાનમાં રહેતા હોવાથી તેમના ઘરે પણ ગેરકાયદેસર વીજ કનેક્સન મળી આવ્યું હતું. સબીર અસગર બુચળ અને જીલાની અસગર બુચળના રહેણાક મકાને ગેરકાયદેસર વીજ કનેકસન ઝડપાતા કનેક્શન કાપી આરોપીઓ સામે પોલીસ મથકમાં ગુન્હો દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

કુલ ૧૪ આરોપીઓમાંથી ૧૨ શખ્સોના ઠેકાણા પણ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન ૪ ગુના દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. જ્યારે બાકી રહેલા આરોપીઓમાં જુસબ ઓસમાણ ગઢાર નામનો શખ્સ વેરાવળ રહેતો હોવાથી ત્યાં અને આબીદ હજી સાયચા જે બેડી નજીક રહેતો હોવાથી કનેક્શનની તપાસ કરવાનું બાકી છે.

## ખંભાળિયાના પીપળીયા ગામે સરકારી જમીન ઉપર દબાણ કરનાર શખ્સને ૧૦ વર્ષની સજા

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના પીપળીયા માં સરકારી જમીનમા દબાણના કેસમાં એક શખ્સને અદાલતે ૧૦ વર્ષની કેદ ફટકારતા દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. સરકારી જમીન ઉપર એક શખ્સે ઈંટોના ભઠ્ઠા અને કાચા પાકા મકાન ખડકી દેતા તેની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના મોવાણ ગામે પંચાયત ઓફિસની સામે રહેતા દેવશીભાઈ રણમલભાઈ મકવાણા નામના શખ્સે પીપળીયા ગામની સરકારી આશરે ૪ વીઘા જમીનમાં ઈંટોના ભઠ્ઠા અને ઓરડી બનાવી નાખી હતી તેમજ રામદેવપીરના મંદિર પાસે પાકો ઓરડો બનાવી લેતા અને ગેરકાયદેસર દબાણ કરતા ગામના એક નાગરિકે તેના સામે જિલ્લા કલેકટરને લેન્ડ ગ્રેબિંગ ની અરજી કરી હતી. આ સમગ્ર મામલે ખંભાળિયાના તત્કાલીન મામલતદાર વિક્રમભાઈ વરુએ સરકારી જમીન પચાવી પાડવા સબબ ખંભાળિયા પોલીસ દફતરમાં ફરિયાદ દાખલ કરાવી હતી જે કેસ ખંભાળિયાની સેશન્સ કોર્ટમાં ચાલી જતા જજ એસ. જી. મનસુરીએ દેવસી મકવાણાને દોષિત ઠેરવી ૧૦ વર્ષની સજાનો હુકમ કરેલ છે.

## જામનગરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ત્રણ શખ્સ ઝબ્બે

જામનગર : જામનગર શહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ત્રણ શખ્સની સિટી એ ડિવિઝન પોલીસે ધરપકડ કરી રોકડ રકમ કબ્જે લઈ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરમાં નવાનાગના નાકે અંબાજીના ચોકમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા દિપક પરસોત્તમભાઈ ચાવલિયા, મહમદહુસેન ગફારમિયાં નાગાણી અને ઈમરાન મજીદભાઈ દરજાદા નામના ત્રણ શખ્સને સિટી એ ડિવિઝન પોલીસે ઝડપી લઇ સ્થળપરથી રૂપિયા ૧૦૬૫૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

## દ્વારકામાં માતા-પુત્રના આપઘાત પ્રકરણમાં પિતા-પતિની કરાઈ ધરપકડ

ખંભાળિયા : દ્વારકામાં રવિવારે ઢળતી સાંજે દીવાદાંડીના ત્રીજા બારીએથી આઠ વર્ષના પુત્રને નીચે ફેંકી દઈ તેની માતાએ પણ ઝંપલાવ્યા બાદ નીચે પટકાયેલ બંને માતા-પુત્રના કરૂણ મોત નિપજયા હતા. પોલીસે મૃતક મહિલાના માતાની ફરીયાદ પરથી મૃતક મહિલાના પિતા તથા પતિ વિરૂધ્ધ ગુન્હો નોંધાવતા બંને આરોપીની પોલીસે ધરપકડ કરી છે.

આ ચકચારી પ્રકરણની વિગત અનુસાર દ્વારકાના દીવાદાંડીની ત્રીજા નંબરની બારીએથી રવિવારે સોયનાબેન મયુરભાઈ સોલંકી નામના મહિલાએ પોતાના આઠ વર્ષના પુત્ર મયંકને નીચે ફેંકયા બાદ પોતે પણ નીચે ઝંપલાવી મોત વહોર્યુ હતું. નીચે પટકાયેલ માતા-પુત્ર ગંભીર ઈજાને લીધે ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા.

બનાવની જાણ થતા દોડી આવેલ પોલીસની ટીમે બંને મૃતદેહનો કબ્જો સંભાળી મૃતક સોયનાબેનના માતા જીવીબેનનું નિવેદન નોંધ્યા બાદ જીવીબેને પોતાના પતિ મસરીભાઈ રામશીભાઈ ગામી તથા સોયનાબેનના પતિ મયુર સોલંકી વિરૂધ્ધ સોયનાબેનને મરી જવા માટે દુષ્પ્રેરણા આપવા અંગેની ફરીયાદ નોંધાવી હતી. મૃતક સોયનાબેન આશરે ૮ વર્ષ પૂર્વે રાવલ ગામના મયુર સોલંકી સાથે લગ્ન બાદ ગૃહકલેશને કારણે આશરે ૯ વર્ષ જેટલા સમયથી દ્વારકા પરત આવી ગયેલ. બાદમાં લાંબા સમય સુધી સમાધાન ન થતાં પુનઃ સાસરે જઈ શકેલ નહિં.

પોલીસે મૃતક મહિલાના માતા દ્વારા કરાયેલ ફરીયાદ આધારે મૃતક સોયનાબેનના પિતા મસરીભાઈ તથા પતિ મયુર વિરૂધ્ધ બીએનએસની કલમ હેઠળ ગુન્હો નોંધી બંનેની ધરપકડ કરી, ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે વધુ તપાસ પી.આઈ. બારસીયા ચલાવી રહયા છે.

# ઠેબા ચોકડી અને જાંબુડાના પાટીયા નજીક કારમાંથી ૬૪૮ બોટક દારૂના જથ્થો ઝડપાયો

## દારૂ, બે કાર સહિત ૧૬ લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે બે શખ્સોની અટકાયત, બેની સંડોવણી ખુલી

જામનગર : જામનગરની ભાગોળે બાયપાસ રોડ પર બે કારમાંથી દારૂનો વિશાળ જથ્થો ઝડપાયો છે. ઠેબા ચોકડી અને જાંબુડા ગામના પાટીયા નજીકથી પોલીસે ૬૪૮ બોટલ દારૂ, બે કાર સહિત ૧૬ લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે ૨ શખ્સોને પકડી પાડ્યા હતા. તપાસમાં ચાર જેટલા શખ્સોના નામ ખુલતા તેને ફરારી જાહેર કરાયા છે.



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર એલસીબી પોલીસે ઠેબા ચોકડી નજીક કારમાંથી ૨૪૬ બોટલ દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. યશપાલસિંહ ઉર્ફે ગડીયો નરેન્દ્રસિંહ જાડેજા દારૂ લઈ પસાર થવાની બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. જયાં કાર અટકાવી તપાસ કરતા રૂ.૨,૭૦,૬૦૦ ની કિંમતી ૨૪૬ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૨ લાખની કિંમતની કાર, દારૂ સહિત રૂ. ૪,૭૫,૬૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો. આ પ્રકરણમાં હિતેન્દ્રસિંહ ઉર્ફે વેલ્ડીગ વિક્રમસિંહ વાળા અને ઈનાયત ઉર્ફે તોતો ઉર્ફે ટાઇગર ઈબ્રાહીમ મસીયારની સંડોવણી સામે આવતા તને ફરારી જાહેર કરાયા છે.

આ ઉપરાંત જાંબુડા ગામના પાટીયા પાસેથી પોલીસે શંકાસ્પદ કારનો અલીયાબાડા થઇ મિયાત્રા ગામ તરફ ફિલ્મી ઢબે પીછો કરી કારમાંથી દારૂ ઝડપી લીધો હતો. કારની તલાસી લેતા કારમાંથી ૫,૨૨,૬૦૦ રૂપિયાની કિંમતની ૪૦૨ બોટલ દારૂનો જથ્થો ઝડપાયો હતો..પોલીસે દારૂ, કાર સહિત રૂ. ૧૧,૨૭,૬૦૦ ના મુદ્દામાલ સાથે વિકટોરીયાપુલ પાસેના ભારતવાસમાં રહેતા કિશનભાઇ ઉર્ફે ડેન્કર નાથાભાઇ ગીગડ ઝડપાયો હતો. દારૂના આ મામલે પણ ઈનાયત ઉર્ફે તોતો ઉર્ફે ટાઇગર ઈબ્રાહીમ મસીયારની સંડોવણી સામે આવી છે.

### જામનગરના ધનવંતરી ઓડિટોરિયમ ખાતે યોગ વિથ ડાન્સનો કાર્યક્રમ

જામનગર : જામનગરમાં ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટીમાં ચાલતા યોગ ક્લાસ દ્વારા આગામી તા. ૧૧-૧-૨૦૨૬ ના રવિવારે સાંજે ૪ વાગ્યે ધન્વન્તરિ મંદિર ઓડીટોરિયમમાં એક અનોખો કાર્યક્રમ 'યોગ વીથ ડાન્સ' યોજવામાં આવ્યો છે

જેમાં યોગ અને ડાન્સનું સંયોજન બાળકો, યુવા વર્ગ તેમજ ૭૦ વર્ષથી વધુ વયના યોગ સભ્યો દ્વારા સાંસ્કૃતિક રજૂઆત સાથે આરોગ્યપ્રદ જીવનશૈલીનો સંદેશ આપવામાં આવશે. રસ ધરાવતા લોકોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જામજોધપુરના વિરપુર ગામે નવપરણીત યુવતીનો રહસ્યમય સંજોગોમાં આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના વીરપુર ગામે રહેતી એક નવપરણિત યુવતીએ કોઈપણ કારણોસર ઝેરી દવા પી આપઘાત કરી લીધો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામજોધપુર તાલુકાના વીરપુર ગામમાં રહેતા ખેડૂત જીતેશભાઈ વલ્લભભાઈની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતી મૂળ છોટાઉદેપુરની વતની લલીતાબેન પીન્ટુભાઇ ધાણક નામની ૨૦ વર્ષની નવ પરણિત આદિવાસી યુવતીએ ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણસર જંતુનાશક દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે તેણીનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પતિ પીન્ટુભાઈ ભાઈલાલભાઈએ પોલીસને જાણ કરતાં શેઠ વડાળાના પી.આઇ. વી. એસ. પટેલે આ મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. મૃતક યુવતીના થોડા સમય પહેલાંજ લગ્ન થયા હતા.

## જામનગર શહેર-જિલ્લામાં મોસમનો સૌથી ઠંડો દિવસ, તાપમાન ૧૧ ડીગ્રી

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં રહી રહીને ઠંડીનો ચમકારો વધતો જાય છે. મકરસંક્રાંતિનો તહેવાર નજીક આવતો જાય છે, પરંતુ ઠંડીએ હવે રંગ દેખાડવાનું શરૂ કર્યું છે, અને ઠંડીનો પારો ૧૩ ડીગ્રીથી ઘટી આજે સવારે વધુ નીચે સરકીને ૧૧ ડિગ્રી સુધી પહોંચી જતાં મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો છે.

સાથોસાથ ભેજનું પ્રમાણ અને પવનની તીવ્રતામાં પણ વધારો થઈ જતાં લોકો થરથર કાંપ્યા છે, અને તાપણાંનો સહારો લેવો પડ્યો છે,અને લોકો ગરમ વસ્ત્રોમાં



લપેટાયેલા જોવા મળ્યા છે.

જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે, અને દિવસ દરમિયાન પ્રતિ કલાકના ૨૦ થી ૨૫ કિ.મી ની ઝડપે ઠંડો બરફીલો પવન ફૂંકાઈ રહ્યો છે, જ્યારે વહેલી સવારે ઝાકળનું પ્રમાણ પણ વધુ જોવા મળતા ધુમ્મસ ભરી સવાર જોવા મળી રહી છે.

જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમ ના જણાવાયા અનુંસાર આજે સવારે ૮ વાગ્યે પૂરા થતાં ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેન્ટિગ્રેડ જ્યારે મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેન્ટિગ્રેડ નોંધાયું છે, વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા જયારે પવનની ગતિ સરેરાશ પ્રતિક કલાકના ૨૦ થી ૨૫ કી.મી ની ઝડપે રહી હતી.

## ભાણવડ અને દાંતા ગામ પાસે અકસ્માતમાં બે વ્યક્તિ ઘાયલ

ખંભાળિયા : ભાણવડ શહેર અને ખંભાળિયા તાલુકાના દાંતા ગામ પાસે અકસ્માતમાં બે વ્યક્તિ ઘાયલ થતા સારવારમાં ખસેડાયા છે. આ બન્ને બનાવની પોલીસ દ્વારા ફરિયાદ દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ શહેરમાં રામેશ્વર પ્લોટ વિસ્તારમા રહેતા નાથીબેન ખીમાણંદભાઈ નામના ૫૪ વર્ષના પ્રૌઢાને જી. જે. ૩૭ એન. ૯૨૭૩ નંબરના મોટરસાયકલ ચાલક સાહિલ અશરફભાઈ સમા નામના શખ્સે હડફેટે લઈ હાથની કોણીમાં ફેક્ચરની તથા શરીરના અન્ય ભાગે છોલછાલની ઈજાઓ પહોંચાડી હોઈ આથી તેના સામે ભાણવડ પોલીસ દ્વારા નાથીબેન ચાવડાની ફરિયાદ પરથી ગુન્હો નોંધવામાં આવ્યો છે.

જ્યારે ખંભાળિયાના દેવળીયા ગામ પાસે ભુદરજી સતુરજી ઠાકોર નામના પ્રૌઢને અજાણ્યા એક્ટિવા ચાલકે હડફેટે લેતા તેઓને કોણીના ભાગે ફેક્ચરની ઈજા પહોંચી હતી અકસ્માત સર્જી નાસી જનાર એક્ટિવા ચાલક સામે ખંભાળિયા પોલીસે ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઈજાગ્રસ્ત ભુદરજી ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના બિલેશ્વરના વતની છે અને તેઓ પગપાળા દ્વારકા જતા હોય બનાવ બન્યો હતો.

## કાલાવડના ટોડા ગામે સ્ટોન ક્રસરમાંથી કોપર કેબલ સહિતના મુદ્દામાલની તસ્કરી

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલા એક સ્ટોન ક્રસરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. આરોપીઓએ કોપર કેબલ અને બે નંગ સોગલપીન સહિત ૭૨ હજાર ઉપરાંતના મુદ્દામાલની ચોરી કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. જે મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસ તપાસમાં જોડાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાલાવડ તાલુકાના ટોડા ગામે આવેલા વિરભદ્રસિહ જયેન્દ્રસિહ જાડેજા (૪૬) ના હાલાર સ્ટોન ક્રસરમાં ચોરી થતા ચકચાર મચી છે. ગત તા. ૪ ના રાત્રિના રોજ તસ્કરો ત્રાટક્યા હતા. આ દરમિયાન હાલાર સ્ટોન ક્રશરમાંથી કોપર કેબલની ચોરી કરી હતી. અજાણ્યા શખ્સોએ ૨૨,૪૭૦ રૂપિયાની કિંમતના ૧૮૫ મીટર કોપર કેબલ તેમજ ૫૦ હજારની કિંમતના બે નંગ સોગલપીન સહિત કુલ કિ.રૂ.૭૨૪૭૦ ના મુદ્દામાલની ચોરી કરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. હાલ પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુન્હો નોંધી આજુબાજુના સીસીટીવી તપાસવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાણવડમાં રકતદાન શિબિર યોજાશે

ભાણવડ : ભાણવડ ખાતે આગામી તા.૧૧ અને રવિવારે રકતદાન શિબિરનું આયોજન થયું છે. રકતદાન શિબિરમાં મહિલાઓ માટે અલગ વ્યવસ્થા કરી છે. કોમ્યુનીટી કેર સેવા સંસ્થા અને પોરબંદરના લોહાણા દતાણી પરીવાર દ્વારા સ્વ. રાજેશભાઈ વ્રજલાલ દતાણીની સ્મૃતીમાં યોજાનારા રકતદાન કેમ્પના પ્રારંભમાં સવારે દીપ પ્રાગટય થશે, ત્યારબાદ રકતદાન કેમ્પને ખુલ્લો મૂકવામાં આવશે.

પોરબંદર ગેઈટ પાસે આવેલ જુની લોહાણા મહાજન વાડી ખાતે યોજાનારા રકતદાન કેમ્પમાં વધુને વધુ લોકો રકતદાન કરે તેવી અપીલ આયોજકોએ કરી છે, દરેક રકતદાતાઓને બીરદાવા માટે આયોજકો દ્વારા આકર્ષક ભેટ આપવામાં આવશે.રકતદાન કેમ્પમાં મહિલાઓ માટે અલગ વ્યવસ્થા રાખવામાં આવી છે. સવારે નવથી બપોરના બે કલાક સુધી કેમ્પ ખુલ્લો રહેશે, તમામ બ્લડ થેલેસેમીયા દર્દી માયે કામ કરતી આશા ચીલ્ડ્રન હોસ્પીટલને અર્પણ કરાશે. સંસ્થાના વયોવૃધ્ધ પ્રમુખ જીતુભાઈ કોટેચા, હરિશભાઈ ખગ્રામ, મનસુખભાઈ પરમાર, મહીલા સેવાભાવી કિરણબેન અત્રી સહીત જહેમત ઉઠાવે છે.

# ભુજીયા કોઠા પાસે રસ્તો બંધ કરવાની જાહેર નોટીસનો અમલ બે રસ્તા પર !

## તળાવની પાળે બાલા હનુમાન મંદિરોનો માર્ગ બંધ થતા સત્ય નારાયણ માર્ગે વાહનોના થપ્પા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં તળાવની પાળ પર ભુજીયા કોઠા પાસેથી ક્રેઈન હટાવવાની કામગીરીને અનુસંધાને ભુજીયા કોઠાથી ખંભાળીયા ગેઈટ તરફનો રસ્તો ૭ થી ૧૦ જાન્યુઆરી સુધી બંધ રાખવાની જાહેર નોટીસ કમિશ્નર દ્વારા બહાર પાડવામાં આવી હતી પરંતુ ગઇકાલે સવારથી ભુજીયા કોઠાથી ખંભાળીયા ગેઈટ તરફનો રસ્તો બંધ કરવા ઉપરાંત તંત્રએ ભુજીયા કોઠાથી શ્રી બાલા હનુમાન મંદિર તથા શ્રી સત્યનારાયણ મંદિર તરફ જતો રસ્તો પણ બંધ કરી દેતા હજારો દર્શનાર્થીઓને હાલાકી ભોગવવી પડી હતી.

જાહેર નોટીસ તો એક જ રસ્તો બંધ કરવાની હતી પરંતુ તેનો અમલ બે રસ્તા પર થયો હતો! જેને પગલે તંત્રની કામગીરી પર સવાલ ઉભા થયા છે. બીજી તરફ આ રસ્તો બંધ થઇ જતા શ્રી બાલા હનુમાન મંદિર તથા શ્રી સત્યનારાયણ મંદિરે જવા માટે સત્યનારાયણ મંદિર રોડ પર આવેલ નરસિંહ મહેતાની પ્રતિમા પાસેનાં પગથિયા એકમાત્ર વિકલ્પ હોય તમામ દર્શનાર્થીઓ અહીથી પસાર થતા સત્યનારાયણ મંદિર રોડ પર ટ્રાફિક જામ તથા પાક'ગ સહિતની સમસ્યાઓ સર્જાઇ હતી. કોઇપણ પૂર્વ સૂચના વગર મંદિરોનો માર્ગ બંધ કરી દેવાતા ભક્તોને હાલાકી થવા ઉપરાંત તંત્રની અણધડ કામગીરી પણ ચર્ચાનો વિષય બની છે.

## કલ્યાણપુરના રાવલ ગામના યુવકનો અગમ્ય કારણસર ગળેફાંસો, પરિવાર હતપ્રભ

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના રાવલ ગામના એક યુવકે કોઈ અગમ્ય કારણસર દોરડા વડે ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. આ બનાવની મૃતકના પિતાએ જાણ કરતા કલ્યાણપુર પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કારણ જાણવા સહિતની તપાસ આરંભી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે હનુમાનધાર વિસ્તારમાં રહેતા જયેશ કેશવભાઈ વાઘેલા નામના ૧૮ વર્ષના યુવકે ગઈકાલે પોતાના ઘરે ગળામાં દોરડું બાંધી ગળેફાંસો ખાઈ લેતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. આ બનાવ અંગે મૃતકના પિતા કેશવભાઈ સુકાભાઈ વાઘેલાએ કલ્યાણપુર પોલીસને જાણ કરતા હે. કો. બી. આર. ઓડેદરાએ સ્થળપર દોડી જઈ વિધિવત તપાસ શરૂ કરી હતી.

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**સુધારો**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૫-૨૬/૪૩ તા.૨૨/૧૨/૨૦૨૫ ટેન્ડર નં. DRM-RJT-25-26-E-77R જે IREPS પર યોગ્ય રીતે અપલોડ કરવામાં આવ્યું છે પરંતુ PRO-અમદાવાદને સમાચારપત્રમાં પ્રકાશિત કરવા માટે DRM-RJT-2024-25-E-77R તરીકે વિગતો મોકલવામાં આવી હતી જે ખોટી છે.**

**કામનું નામ :** રાજકોટ ડિવિઝન : (i) ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) રાજકોટના અધિકારક્ષેત્રમાં વિવિધ સ્થળોએ સાઈડ ડ્રેઈન્સની જોગવાઈ (ii) આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) જામનગરના અધિકારક્ષેત્રમાં વિવિધ સ્થળોએ અવરોધક ચિહ્નો, કિલોમીટર પોસ્ટ્સ અને ગ્રેડિએન્ટ પોસ્ટ્સ લગાવવાનું કામ.

| | |
|---|---|
| **કામની પડતર :** ₹ ૨,૪૦,૧૮,૮૪૪.૦૪ | **અર્નેસ્ટ મની :** ₹ ૨,૭૦,૧૦૦.૦૦ |

RJT-182

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ૨૦૨૬ એટલે લોકશાહીના કસોટી ભર્યું ચૂંટણી વર્ષ

૨૦૨૬નું વર્ષ ભારત અને દુનિયા બંને માટે લોકશાહી દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનું સાબિત થવાનું છે. એક જ વર્ષે ભારતના પાંચ મોટા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી અને સાથે સાથે દુનિયાના ૩૬થી વધુ દેશોમાં સામાન્ય ચૂંટણીઓ થવી એ માત્ર સંયોગ નથી, પરંતુ બદલાતી રાજકીય દિશા અને જનમાનસના મૂડનો સંકેત પણ છે. ચૂંટણી માત્ર સત્તા બદલવાની પ્રક્રિયા નથી, તે જનતાની આશાઓ, અસંતોષ અને ભવિષ્યની અપેક્ષાઓ વ્યક્ત થવાનું માધ્યમ છે.ભારતમાં ૨૦૨૬માં પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. આ પાંચ રાજ્યો મળીને દેશની લગભગ ૧૭ ટકા વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. એટલે આ ચૂંટણીના પરિણામો માત્ર રાજ્ય પૂરતા સીમિત નહીં રહે, પરંતુ રાષ્ટ્રીય રાજકારણ પર પણ તેની અસર પડશે. ખાસ કરીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી આ પહેલી મોટી રાજકીય કસોટી ગણાશે.પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૧૪ વર્ષથી મમતા બેનર્જી અને તેમની તૃણમૂલ કોંગ્રેસનું પ્રભુત્વ છે. જો ૨૦૨૬માં ફરીથી તેમની જીત થાય તો મમતા બેનર્જી સતત ચોથી વખત મુખ્યમંત્રી બનશે, જે ભારતીય રાજકારણમાં એક નવો ઈતિહાસ હશે. બંગાળમાં ભાજપ સતત પોતાની પકડ મજબૂત કરવાની કોશિશ કરી રહી છે, પરંતુ મમતા બેનર્જીની લોકપ્રિયતા, પ્રાદેશિક અસ્મિતા અને કેન્દ્ર સામેના તેમના આક્રમક વલણને કારણે લડાઈ સરળ નથી. આ ચૂંટણી એ પણ બતાવશે કે શું બંગાળની જનતા સતત એક જ નેતૃત્વ પર વિશ્વાસ રાખશે કે પછી બદલાવ ઈચ્છે છે.આસામમાં ભાજપ છેલ્લા દસ વર્ષથી સત્તામાં છે અને હવે ત્રીજા કાર્યકાળ માટે પ્રયાસ કરી રહી છે. સરહદી રાજ્ય હોવાને કારણે બાંગ્લાદેશી ઘૂસણખોરી, સુરક્ષા, નાગરિકતા અને આસામી ઓળખ જેવા મુદ્દા અહીં કેન્દ્રમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વારંવારના પ્રવાસો એ સૂચવે છે કે ભાજપ આ રાજ્યને ખૂબ જ મહત્વ આપે છે. સામે પક્ષે કોંગ્રેસ અને અન્ય પ્રાદેશિક પક્ષોનું ગઠબંધન ભાજપ માટે પડકાર ઉભો કરી શકે છે. આ ચૂંટણી એ પણ નક્કી કરશે કે શું ભાજપની વિકાસ અને રાષ્ટ્રવાદની રાજનીતિ અહીં હજુ પણ અસરકારક છે કે નહીં.તમિલનાડુ અને કેરળ એવા રાજ્યો છે જ્યાં ભાજપ આજ સુધી વિધાનસભા ચૂંટણીમાં સફળતા મેળવી શકી નથી. તમિલનાડુમાં છેલ્લા છ દાયકાથી દ્રવિડિયન રાજકારણ હાવી રહ્યું છે. ડીએમકે અને એઆઈએડીએમકે વચ્ચેની લડાઈમાં ભાજપને હંમેશા ગૌણ ભૂમિકા મળી છે. હવે એઆઈએડીએમકે સાથે સંભવિત ગઠબંધન અને ફિલ્મસ્ટાર વિજયની નવી પાર્ટીના પ્રવેશથી રાજકારણ વધુ જટિલ બન્યું છે. અહીં ભાજપ માટે આ ચૂંટણી માત્ર જીત માટે નહીં, પરંતુ પોતાની હાજરી મજબૂત કરવાની લડાઈ પણ છે.

કેરળમાં ડાબેરી પક્ષોની મજબૂત પરંપરા છે. ૨૦૨૧માં એલડીએફે સતત બીજી વખત સરકાર બનાવીને ઇતિહાસ તોડ્યો હતો. સામાન્ય રીતે કેરળમાં સત્તા બદલાતી રહેતી હતી. કોંગ્રેસના નેતૃત્વવાળા યુડીએફ માટે આ વખતે સત્તા વિરોધી લહેર એક આશા બની શકે છે. ભાજપે વિધાનસભામાં હજુ સુધી ખાતું ખોલ્યું નથી, પરંતુ લોકસભા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળેલી સફળતા એ સૂચવે છે કે પાર્ટી ધીમે ધીમે જમીન તૈયાર કરી રહી છે.પુડુચેરી નાના રાજ્ય હોવા છતાં રાજકીય રીતે મહત્વપૂર્ણ છે. ૨૦૨૧માં કોંગ્રેસ સરકારના પતન બાદ AINRC-ભાજપ ગઠબંધન સત્તામાં આવ્યું હતું. આ ચૂંટણી એ નક્કી કરશે કે જનતા આ ગઠબંધનથી સંતોષી છે કે કોંગ્રેસ-ડીએમકે ફરીથી વિશ્વાસ જીતશે.

# સુખનું સરનામું શોધવાની લ્હાયમાં દુ:ખના દરવાજે ટકોરા વાગી જાય

મનુષ્ય પોતાના જીવનમાં આખરે શું શોધે છે? કોઈ કહે છે સુખ. તો સવાલ એ આવે કે તેને સુખ શેમાં દેખાય છે? કોઈને ધર્મમાં સુખ દેખાતું હોય, કોઈને ભૌતિક સાધનોમાં સુખ દેખાતું હોય, કોઈને સફળતામાં સુખ દેખાતું હોય તો કોઈને ઐશ્વર્યમાં.

સુખ અને આનંદ વચ્ચે બહુ પાતળી ભેદ રેખા હોય છે. સદગુરુ જગ્ગી વાસુદેવ સરળ શબ્દો આ ભેદને ઉજાગર કરતા કહે છે કે, 'સુખ કોઈ વસ્તુ કે વ્યક્તિ પર નિર્ભર હોય છે, જ્યારે આનંદ આંતરિક હોય છે.' જ્ઞાનીજનો કહે છે કે, ભૌતિક વસ્તુઓમાં આપણે સુખ બુદ્ધિ ધરાવીએ છીએ. આપણી આંખને ગમે તેવી વસ્તુઓ સુખ આપે છે, કાનને સાંભળવું ગમે તેવું સંગીત સુખદાયક લાગે છે, જેનો સ્પર્શ સુંવાળો હોય તેવી વસ્તુઓ સુખનો અનુભવ કરાવે છે. આપણી ઈચ્છા મુજબનું પ્રાપ્ત ન થાય, અનુકૂળતાને બદલે પ્રતિકૂળતા સર્જાય એટલે દુ:ખ!

અર્થશાસ્ત્રમાં લો ઓફ ડિમિનિશિંગ માર્જિનલ યુટિલિટીનો એક સિદ્ધાંત આવે છે. આ સિદ્ધાંત મુજબ જેમ જેમ કોઈ એક વસ્તુનો વધુ અને વધુ ઉપયોગ કે ઉપભોગ થાય તેમ તેમ આપણા માટે તેની ઉપયોગિતા અથવા ઈચ્છા ઓછી થતી જાય છે. શાસ્ત્રકારો કહે છે કે સુખની બાબતે પણ આવું જ છે.

કોઈ બાળક એક નવું રમકડું જુએ એટલે તેને એ જોઈએ. ન મળે તો જીદે ચઢે, રડેપઅંતે જ્યારે મળે ત્યારે શાંત થાય. પણ પછી? થોડી વાર બાદ કોઈ નવું રમકડું



દેખાય એટલે જેના માટે રોકકળ કરી હોય એ રમકડું એક બાજુ ફેંકાઈ જાય અને નવા રમકડાં માટે રુદન શરૂ થાય. આપણે સહુ આવા નવાનવા રમકડાં માટે રડતા બાળકો જ છીએ.

કરંટ ટોપિક

આપણે સુખની એક વ્યાખ્યા નક્કી કરી લીધી છે,
પહેલું સુખ તે જાતે નર્યા,
બીજું સુખ તે ઘેર દીકરા;
ત્રીજું સુખ તે ગુણવંતી નાર,
ચોથું સુખ તે ભરેલા ભંડાર સુધી

પહેલા તો આપણે સ્વસ્થ હોઈએ એ સુખ છે. તે વાત બરાબર. કારણકે આરોગ્ય સારું હોય તો ભૌતિક હોય કે આધ્યાત્મિક કર્મો કરવામાં અનુકૂળતા રહે. સંતાન હોય એ સુખ ગણાય. પણ સંતાન આડે પાટે ચડેલા હોય કે કહ્યામાં ન હોય તો? ત્રીજું સુખ ગુણવંતી નાર, પરંતુ એ ગુણવંતી નારને અવગુણથી ભરેલો પતિ મળે તો? પુરુષ પણ ગુણવાન હોવો જોઈએ. દારૂડિયો, જુગારી, લંપટ, બેરોજગાર, એવો પતિ મળે તો સ્ત્રી પણ દુ:ખી થાય. અંતે ભરેલા ભંડાર પણ આપણને જોઈએ. ટૂંકમાં આપણા મોટાભાગના સુખ બધા ભૌતિક બાબતો પર જ આધારિત છે. ધર્મ વિના ચાલશે, પણ ધન વિના નહી!?

સુખ બેધારી તલવાર જેવું હોય છે. ક્યારેક સુખનું સરનામું શોધવાની લ્હાયમાં દુ:ખના દરવાજે ટકોરા વાગી જાય છે. ખાવાનું સુખ, આરોગ્ય માટે દુ:ખ ઊભું કરી શકે. વ્યસનો સેવવામાં સુખનો અનુભવ કરતા લોકો, મોટા અક્ષરે છાપેલી ચેતવણીઓ પણ અવગણી કાઢે છે. પછી કેન્સરનું દુ:ખ આવીને ઊભું રહે છે. આ ભવમાં સુખ મેળવવાની લાલચમાં કરેલા પાપકર્મો પછીના જન્મમાં છાપરે ચડીને પોકારે છે. પણ મનુષ્ય તો 'આ ભવ મીઠા, પરભવ કુણ દીઠાં?' માનીને પાપકર્મોમાં રાચેલો રહે છે.સમસ્યા ત્યારે પણ સર્જાય છે જ્યારે આપણું સુખ અન્ય માટે દુ:ખ બની જાય. જગતમાં આવા અનેક કિસ્સાઓ જોવા મળે છે. પોતાના સુખ માટે બીજાનું શોષણ કરનારા, પોતાના વર્ચસ્વ માટે બીજાને ગુલામ બનાવનારા લોકો પોતે કેટલા સુખી થાય છે એ તો ઈશ્વર જાણે, પણ લાખોને દુ:ખી જરૂર કરે છે. આપણું સુખ 'નિર્દોષ' હોવું જોઈએ.આપણા શાસ્ત્રો તેથી સુખ નહીં પણ આનંદ પ્રાપ્ત કરવાનું કહે છે. સુખ અસ્થાયી છે, પણ આનંદ સ્થાયી છે.

આત્માની પ્રકૃતિને આનંદમય કહેવાઈ છે. અર્થાત્? આત્મા પ્રકૃતિથી આનંદમય છે. પણ જેમ અગ્નિ ઉપર રાખ ઢંકાઈ જાય તો અગ્નિ દેખાતો નથી, જેમ સૂર્ય આગળ વાદળ છવાઈ જાય તો સૂર્ય અદ્રશ્ય થઈ જાય છે, તેવી રીતે આત્મા પર પાપકર્મોના ચઢેલા આવરણોના કારણે તેનું આનંદમય સ્વરૂપ આપણે જોઈ શકતા નથી. બહારના સુખને સતત શોધતા રહેવું અને તેને જ સત્ય માનવું એ જ મોહ છે. જીવનમાં અનેકવાર આપણો મોહભંગ થાય છે. પણ ફરી આપણે મોહને વશ થઈ જઈએ છીએ. કારણકે આપણી બુદ્ધિ સુખ બહાર જ છે તેવું માની બેસે છે.

# ઠંડીમાં હાથ-પગ જકડાઈ જાય ત્યારે?

અત્યારે શિયાળો એના ફુલફોર્મમાં છે. ક્યારેય ન અનુભવેલી ઠંડીનો અનુભવ આજકાલ થઈ રહ્યો છે. અહી બ્લેન્કેટની બહાર નીકળવાનું મન નથી થતું ત્યાં કસરતની ઝંઝટમારીમાં કોણ પડે? શા માટે શિયાળામાં જ શિયાળુપાક ખાવાનો આટલો આગ્રહ થતો હશે. શું એના પાછળ પણ કોઈ સાયન્ટિફિક કારણ છે? એટલે સુધી તો ઠીક, પણ આ જ ઋતુમાં સાંધાનો દુખાવો વધી કેમ જાય છે? થોડું ચાલીએ ત્યાં પગમાં ગોટલા ચડી જાય છે. હાથ-પગ જકડાઈ જાય છે. આ બધું ઠંડીમાં જ કેમ થાય? આ બધા પ્રશ્નો વિશે આજે સવિસ્તાર માહિતી મેળવીએ.

**કુદરતી છે**

શિયાળાની ઠંડીમાં હાડકાં અને સાંધાને લગતી તકલીફો કુદરતી રીતે જ વધી જાય એ વિશે ઓર્થોપિક સર્જન તબીબ કહે છે, 'વાતાવરણમાં ઠંડી વધે એમ શરીરની આંતરિક ગરમી ઘટે અને એની અસર થાય. શરીરમાં થતા રક્ત પરિભ્રમણ પર સામાન્ય રીતે શરીરમાં જે ગતિએ બ્લડ-સર્ક્યુલેશન થતું હોય છે એ શિયાળામાં મંદ પડે છે જેને લીધે મસલ્સને મળતો લોહીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં નથી મળી શકતો એટલે મસલ્સમાં દુખાવો થાય છે. એવી રીતે જ મસલ્સ દ્વારા જ લેક્ટિક એસિડ ઉત્પન્ન થાય છે, જે શરીરનો કચરો છે, નોર્મલ દિવસોમાં બ્લડ-સ્ક્યુલેશન દરમ્યાન તેના શરીર બહાર નિકાલ થઈ જાય છે. પણ ઠંડીમાં એ એક સ્થળે એકઠું થાય છે જેને લીધે એ ભાગમાં દુખાવો અનુભવાય છે. ઠંડીમાં પગમાં ગોટલા ચડી જાય એવું આપણે સાંભળ્યું છે એ ગોટલા એટલે જ એકઠું થયેલું લેક્ટિક એસિડ.'

શિયાળામાં મોટે ભાગે દેખાતી તકલીફો વિશે ડૉક્ટર કહે છે, 'સ્નાયુ અને હાડકાંની ફન્ક્શનિંગ-સમસ્યા ઊભી થાય અને શારીકિ સંતુલન જળાવાતું નથી એટલે આ સીઝનમાં બેલેન્સ છૂટી જવાથી પડી જવાના કિસ્સા વધુ બને છે. સાંધામાં દુખાવો થાય, ૪૦ વર્ષથી ઉપરનાં લોકોને ઉઠવા-બેસવામાં તકલીફ થાય, વાની તકલીફ વધે, આર્થ્રાઈટિસ (સાંધામાં સોજો), સ્પોન્ડિલાટિસ (મણકામનો સોજો), માયો ફેશિયાઈટિસ (સ્નાયુના આવરણ પર સુજન), તળિયાના ભાગમાં, ટેન્ડિનાઈટિસ (માંસપેશીના ભાગમાં સોજો), ટ્રિગર ફિંગર (આંગળી વાળ્યા પછી સીધી ન થાય) જેવી બીમારીઓ વકરે છે. હાડકાનાં હલનચલનમાં તકલીફને લીધે સ્ટિફનેસ આવે છે. હાથ-પગના સ્નાયુઓ ખેંચાતા હોય એવો અનુભવ પણ થાય છે.'

**કસરતનું કારણ**

શિયાળામાં કસરત કરવાનું કહેવામાં આવે છે એનું પણ આ જ કારણ છે, એમ જણાવતાં ડૉક્ટર કહે છે, 'ગમે તે રીતે શરીરમાં ગરમાટો ઊભો કરવો એ જ આ સમસ્યાનો ઈલાજ છે. કસરત થકી સ્નાયુ અને હાડકાંને મૂવમેન્ટ મળે છે. આ સમસ્યાનો ઈલાજ છે. કસરત થકી સ્નાયુ અને હાડકાંને મુવમેન્ટ મળે છે. આ મુવમેન્ટથી બ્લડ-સર્ક્યુલેશન સુધરે છે. એને લીધે લેક્ટિક એસિડનો ભરાવો થયો હોય તો એનો લોગી વાટે નિકાલ થાય છે. શિયાળુપાક જેવી પચવામાં ભારે વસ્તુ શિયાળામાં ખાવાનું કહેવામાં આવ્યું છે કારણ કે પાચનક્રિયા દરમ્યાન શરીરમાં ઉત્પન્ન થતી ગરમી શિયાળામાં મદદરૂપ નિવડે છે.'

# ચોક્કસ ક્ષેત્રમાં સફળ વ્યક્તિના માપદંડથી આખી દુનિયાને જજ ન કરાય

